# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-06-2024 Morning : 7.45 to 7.55
Day : Saturday National News

### આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*******************************************************

- ✓ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં ૫૭ બેઠકો માટે મતદાન શરૂ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના દિગ્ગજોનું ભાવિ ઘડાશે.
- ✓ ઉત્તર-પશ્ચિમ, મધ્ય ભારતના રાજયોમાં આગામી બે દિવસમાં તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થશે. આસામમાં પુર થી છ વ્યકિતના મોત.
- ✓ દેશનો જીડીપીનો વૃધ્ધિદર નાણાંકીય વર્ષ ૨૦૨૩- ૨૪ માં ૮.૨ ટકા રહેવાનો અંદાજ.
- ✓ પ્રજવલ રેવન્નાને છ દિવસની એસઆઇટીની અટકાયતમાં રાખવાનો આદેશ.
- ✓ આવતીકાલે આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપ શરુ થશે. આજે બાંગ્લાદેશ સામે ભારત વોર્મ અપ મેચ રમશે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# 7th Phase voting

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે. આ તબક્કામાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની ત્રણ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક એમ કુલ 57 સંસદીય ક્ષેત્રમાં મતદાન થઇ રહયું છે. આ ઉપરાંત, ઓડિશા વિધાનસભાની બાકીની 42 બેઠકો માટે પણ મતદાન શરૂ થયું છે.

ચૂંટણી પંચ દ્વારા સરળ અને પારદર્શક રીતે મતદાન પ્રક્રિયા સુનિશ્ચત કરવા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. **10 લાખ નવ હજાર જેટલા મતદાન અધિકારીઓ 1.09 લાખ મતદાન મથકો પર ફરજ બજાવી રહયાં છે. સાતમા તબક્કા માટે 10 કરોડ 06 લાખ જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે..**

**અંતિમ તબક્કો શાસક અને વિરોધ પક્ષો બંને માટે ખૂબ મહત્વનો છે. આજે પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, રવિશંકર પ્રસાદ, અભિનેત્રી કંગના રણૌત, અભિનેતા રવિ કિશન, કોંગ્રેસના નેતાઓ મનિષ તિવારી અને વિક્રમાદિત્ય સિંહ, આરજેડી નેતા મિસા ભારતી અને તૃણમુલ કોંગ્રેસના નેતા અભિષેક બેનરજીનું ભાવિ ઇવીએમમાં બંધ થશે.**

**સાતમા તબક્કા સાથે વિશ્વની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયાનો અંત આવશે. અત્યાર સુધી 486 બેઠકો પર મતદાન યોજાઈ ચૂક્યું છે. 4 જૂને પરિણામ જાહેર થશે.**

# IT-ELECTION

આવકવેરા વિભાગે લોકસભાની યોજાઇ રહેલી ચૂંટણીમાં અત્યારસુધી વિક્રમજનક એક હજાર સો કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી જપ્ત કરી છે.

સત્તાવાર યાદી મુજબ વર્ષ 2019માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં જપ્ત કરાયેલી રોકડ અને જ્વેલરીની સરખામણીએ આ વખતની સંખ્યા 182 ટકાનો વધારો દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2019માં 390 કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી જપ્ત કરાઇ હતી.

## IMD Heat and flood

ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પુર્વ ભારતનાં કેટલાંક રાજ્યો હજુ પણ ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસમાં ગરમીમાં ક્રમશ ઘટાડો થશે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ., દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર, પૂર્વ મધ્યપ્રદેશ, ઓડિશા અને ઝારખંડનાં અનેક ભાગોમાં આજે પણ ભીષણ ગરમીની સ્થિતિ યથાવત રહેશે. આગામી બે દિવસમાં ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ અને પૂર્વ ભારતમાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડો. આર કે જેનામણીએ આકાશવાણી સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું હતું કે, તાપમાનમાં નજીવો ઘટાડો થયો હોવા છતાં દેશનાં વાયવ્ય અને મધ્યના રાજ્યોમાં બેથી ત્રણ દિવસ સુધી તીવ્ર ગરમી યથાવત રહેશે.

દરમિયાન, હવામાન વિભાગે ઇશાન ભારતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. નૈઋત્યનું ચોમાસુ ત્રિપુરા, મેઘાલય, આસામ તથા સિક્કિમમાં ચોમાસુ આગળ વધ્યું છે. 2 જૂન સુધી કેરળ, માહે, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, રાયલસીમા અને આંદામાન નિકોબારમાં છુટાછવાયા વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના છે, જ્યારે આગામી પાંચ દિવસમાં જમ્મુ કાશ્મીર, લડાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

દરમિયાન, આસામમાં રેમલ ચક્રવાતને પગલે અવિરત વરસાદથી મોટાં ભાગની નદીઓમાં જળસપાટીમાં વધારો થયો છે. રાજ્યમાં પૂરની પરિસ્થિતિ વણસતા છ વ્યક્તિનાં મૃત્યુ

થયા હતા અને 560 ગામોનાં આશરે સાડા ત્રણ લાખ લોકોને અસર થઈ છે તેમજ 4900 હેક્ટર પાકને નુકસાન થયું છે.

## Tamilnadu Fire

**તામિલનાડુમાં તિરુવલ્લુર જિલ્લામાં પેઇન્ટ કંપનીમાં ફાટી નીકળેલી આગમાં બે વ્યક્તિનાં મૃત્યુ થયા હતા અને અન્ય ચારને ઇજા થઈ હતી. ગઇ કાલે બનેલી આ દુર્ઘટનામાં ચાર વ્યક્તિને ગંભીર ઇજા થઈ હતી. ઓછામાં ઓછી 10 વ્યક્તિ કંપનીમાં ફસાઈ ગઈ હોવાનો ભય સેવાઈ રહ્યો છે. આગને કાબુમાં લેવા માટે અગ્નિશામક વાહનો તાત્કાલિક પહોંચી ગયા હતા. આગ માટે શોર્ટ સરકિટ અથવા પાવર આઉટેજ જવાબદાર હોવાનું માનવામાં આવે છે.**

## GDP Growth Rate

દેશનો જીડીપીનો વૃધ્ધિ દર નાણાકીય વર્ષ 2023-24માં 8.2 ટકા રહેવાનો અંદાજ છે, જે અગાઉનાં નાણાકીય વર્ષની સરખામણીમાં 1.2 ટકાનો વધારો સૂચવે છે. કાર્યક્રમ અમલીકરણ અને આંકડાકીય મંત્રાલયની યાદીમાં જણાવ્યા પ્રમાણે નાણાકીય વર્ષ 2023-24માં જીડીપીનું સ્તર 173 લાખ કરોડ રૂપિયાથી વધુ અંદાજવામાં આવ્યું છે.

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું છે કે જીડીપીમાં આ નોંધપાત્ર વૃદ્ધિ વિશ્વનાં મોટાં અર્થતંત્રોમાં સૌથી વધુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જીડીપી વૃધ્ધિના આંકડા ભારતીય અર્થતંત્રમાં મજબૂત પ્રગતિ સૂચવે છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## KARNATAKA-REVANNA-CUSTODY

કર્ણાટકના બેંગલુરૂની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અદાલતે હસનના સાંસદ પ્રજ્વલ રેવન્નાને 6 દિવસ એસ.આઇ.ટી.ની અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે પ્રજ્વલ રેવન્ના બેંગલુરૂ વિમાનમથકે આવી પહોંચતા કર્ણાટક સરકાર દ્વારા રચાયેલી ખાસ તપાસ ટીમ – સીટ દ્વારા રેવન્નાની મહિલાઓની કથિત જાતીય સતામણીના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

ગત 27મી એપ્રિલે લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી બાદ પ્રજ્વલ રેવન્ના વિદેશ ગયો હતો.

## US-China Taiwan

અમેરિકન સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીને તાઇવાનની આસપાસ ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ તાજેતરમાં હાથ ધરેલાં ઉશ્કેરણીજનક પગલાં અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ગઇ કાલે સિંગાપોરમાં શાંગરી-લા સંવાદ દરમિયાન તેમનાં

ચીનના સમકક્ષ એડમિરલ ડોંગ જુન સાથેની બેઠક દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો. શાંગરીલા સંવાદ એ સંરક્ષણ બાબતો અંગેની વાર્ષિક પરિષદ છે, જે સરકારી અધિકારીઓ, ઉદ્યોગ જગતનાં અગ્રણીઓ અને સલામતી નિષ્ણાતોને પ્રાદેશિક સલામતી અંગેની ચિંતાઓ પર ચર્ચા કરવા માટેનો મંચ પૂરો પાડે છે.

અમેરિકન સંરક્ષણ મંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે ચીને આક્રમક પગલાં લેવા માટે તાઇવાનની બદલાયેલી રાજકીય પરિસ્થિતિનો લાભ ન લેવો જોઇએ.

ઓસ્ટીને એ વાત પર ભાર મૂક્યો કે અમેરિકા તેની દીર્ઘકાલિન એક ચીન નીતી માટે પ્રતિબધ્ધ છે. તેમણે તાઇવાન સ્ટ્રેઇટમાં શાંતિ અને સ્થિરતાનાં મહત્વ પર ભાર મૂક્યો હતો.

## T 20 World cup

આઇસીસી ટી 20 વર્લ્ડકપનો બીજી જૂનથી પ્રારંભ થાય તે અગાઉ આજે ભારતીય ટીમ અમેરિકાનાં ન્યૂયોર્ક ખાતે નાસાઉ ક્રિકેટ સ્ટેડિયમમાં બાંગલાદેશ સામે વોર્મ અપ મેચ રમશે. રોહિત શર્માની આગેવાની હેઠળની 15 સભ્યોની ભારતીય ટીમ આ અભ્યાસ મેચ માટે સજ્જ છે. ભારત છેલ્લાં 13 વર્ષથી આઇસીસી ટ્રોફી જીતી શક્યું નથી. ગયા વર્ષે ભારતની ધરતી પર રમાયેલા વન ડે વર્લ્ડકપનાં ફાઇનલમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે હાર્યું હતું.

ભારત પાંચ જૂનનાં રોજ આયર્લેન્ડ સામેની મેચથી ટી-20 વર્લ્ડકપનો પ્રારંભ કરશે.

## PARIS-OLYMPICS

ભારતના અને વિશ્વ બોક્સિંગ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતનાર નિશાંત દેવે આ વર્ષે યોજાનારી પેરિસ ઓલિમ્પિક સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું છે.

વિશ્વ બોક્સિંગ ક્વોલિફાય સ્પર્ધાની 71 કિલો વજન જૂથની ક્વાર્ટર ફાઇનલમાં નિશાંત દેવે મોલ્દોવાના વાસીલને 5-0 થી પરાજય આપતાં તે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલીફાય થયો છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ભારતની નિખત ઝરીન, લોવલીની બોર્ગોહેન અને પ્રિતીએ પેરિસ ઓલિમ્પિકમાં ક્વોલીફાય થયા છે.

## TRUMP CONVICTED

ન્યૂયોર્કની એક અદાલત દ્વારા 'હશ મની' મામલે દોષિત ઠરેલા પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ ચૂકાદા સામે અપીલ કરશે. મેનહટ્ટનમાં ટ્રમ્પ ટાવર લોબી ખાતે તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિની આગામી ચૂંટણીમાં તેમનાં પુનરાગમને રોકવા માટેનો આ પ્રયાસ છે. તેમણે ચેતવણી આપી હતી કે રાજકીય રીતે પ્રેરિત આ કાર્યવાહીથી કોઇ અમેરિકન સલામત નથી.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં પોર્ન સ્ટાર સ્ટૉર્મી ડેનિયલ્સને ચૂપ રહેવા માટે પૈસા આપવા બદલ, એ વાત છુપાવવા તેમજ કારોબારી રેકૉર્ડમાં હેરાફેરી સહિતના તમામ 34 આરોપોમાં તેમને દોષિત જાહેર કરાયા છે. અદાલત આ કેસમાં 11 જુલાઈના રોજ સજા સંભળાવશે. ડોનાલ્ડ઼ ટ્રમ્પે આ ચુકાદાને શરમજનક અને ધાંધલીભર્યો ગણાવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનની પ્રચાર ટીમે આ નિર્ણયને યોગ્ય ગણાવતા કહ્યું છે કે, "કોઈ પણ વ્યક્તિ કાયદાથી પર નથી. કોઈ

વર્તમાન અથવા તો પૂર્વ રાષ્ટ્રપતિ સામે ગુનાઇત મામલામાં કેસ ચાલ્યો હોય અને તેમને દોષિત જાહેર કરવામાં આવ્યા હોય તેવું અમેરિકાના ઇતિહાસમાં આ પ્રથમવાર બન્યું છે.